(૫૦)

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો. (૧૪)**

૧. કામગુણેહિં **સદ્દેણં રૂવેણં ગંધેણં રસેણં** ફાસેણં
૨. પિત્તેસુ વા **પૂએસુ વા સોણિએસુ વા સુક્કેસુ વા સુક્ક પુગ્ગલ** પરિસાડેસુ
૩. પડિક્કમઉં **પગામસિજ્જાએ નિગામસિજ્જાએ સંથારા ઉવટ્ટણાએ પરિયટ્ટણાએ** આઉટ્ટણ
૪. સંસુદ્ધં **સલ્લકત્તણં સિદ્ધિ મગ્ગં મુત્તિ મગ્ગં નિજ્જાણ મગ્ગં** નિવ્વાણ મગ્ગં
૫. સન્નિવાઈયં **વિવિહા રોગાયંકા પરિસહોવસગ્ગા ફાસાફુસંતુ એ યં પિયણં** ચરમેહિં
૬. અણેસણાએ **પાણ ભોયણાએ બીય ભોયણાએ હરિય ભોયણાએ પચ્છા કમ્મિયાએ** પુરે
૭. સંઘટ્ટિયા **પરિયાવિયા કિલામિયા ઉદ્દવિયા ઠાણાઓઠાણં** સંકામિયા

**(આ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો. (૧૧)**

| | જવાબ |
|---|---|
| ૧. વચ્ચામેલિયં | **ધ્યાન વિના સૂત્રો ભણાયા હોય.** |
| ૨. મયલ | **અચલ, સ્થિર સ્વરૂપ.** |
| ૩. પેયાલા | **પાતાળ કળશા સમાન પ્રધાન.** |
| ૪. કંખા | **મિથ્યાત્વના મતની ઈચ્છા કરવી.** |
| ૫. નિગ્ઘાયણટ્ઠાએ | **મૂળથી નાશ કરવાને માટે.** |
| ૬. ચિંતવનાર્થે | **ચિંતન કરવાને માટે.** |
| ૭. પરોવએસે | **પોતે સૂઝતા હોવા છતા બીજાને વહોરાવવાનું કહ્યું હોય.** |
| ૮. સેવણા | **સેવા કરવી, ઉપાસના કરવી.** |
| ૯. સંથવો વા | **પરિચય કરવો અને અથવા.** |
| ૧૦. ખેતવુડ્ઢી | **એક દિશાની મર્યાદા ઘટાડી બીજી દિશાની મર્યાદા વધારી હોય.** |
| ૧૧. રહસાભક્ખાણે | **કોઈની છાની વાત ઉઘાડી કરી હોય.** |

**(ઇ) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો. (૧૧)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. મિથ્યાભાવે કરેલી | **મિચ્છાએ** | ૨. વનના ઝાડો કાપવાના કાર્યો કરવા | **વણકમ્મે** |
| ૩. સમકિતના | **સમ્મત્તસ્સ** | ૪. કર્મરૂપી શત્રુને હણનાર | **અરિહંતે** |
| ૫. ત્રણ પ્રકારના | **તિવિહે, તિણ્હં** | ૬. જેમ–તેમ નિરર્થક બોલવું | **મોહરિએ** |
| ૭. કર્યા હોય | **કઓ** | ૮. દાન આપી અહંકાર કર્યો હોય | **મચ્છરિયાએ** |
| ૯. સૌથી ઉત્તમ | **ઉત્તમા** | ૧૦. મર્યાદાની બહારથી વસ્તુ મંગાવી હોય | **આણવણપ્પઓગે** |
| ૧૧. પોતાના પુત્ર–પુત્રી સિવાય બીજાના વિવાહ મેળવી આપ્યા હોય | | | **પર વિવાહ કરણે** |

**(ઈ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૪)**

૧. પરમાર્થને જાણવાવાળાના પરિચયથી શું લાભ થાય છે?

**જ. ૧) નવું જ્ઞાન પ્રાપ્ત થાય છે. ૨) શંકાઓનું નિવારણ થાય છે. ૩) અતિચાર શુદ્ધિ થાય છે. ૪) જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ નિર્મળ તથા દઢ બને છે.**

૨. આગમના કેટલા પ્રકાર છે? અર્થરૂપ આગમ કોને કહે છે? તેના અતિચાર કેટલા છે?

**જ. આગમના ત્રણ પ્રકાર છે. તીર્થંકરોએ પોતાના શ્રી મુખે જે ભાવ પ્રગટ કર્યા છે, તે અર્થરૂપ આગમોને, અર્થ આગમ કહે છે. સૂત્રોના અનુવાદ–ભાષાંતરને પણ અર્થ આગમ કહે છે. તેના અતિચાર ૧૪ છે.**

૩. સમકિતના અતિચાર કેટલા? કયા કયા?

**જ. સમકિતના અતિચાર પાંચ છે – સંકા, કંખા, વિતિગિચ્છા, પરપાસંડ પસંસા, પરપાસંડ સંથવો.**

૪. પ્રતિક્રમણની આજ્ઞા લેવાનો પાઠ કયો છે? તેમાં શેની આજ્ઞા લેવાની છે?

**જ. પ્રતિક્રમણની આજ્ઞા લેવાનો પાઠ ઈચ્છામિણં ભંતેનો છે. આ પાઠમાં પ્રતિક્રમણ કરવાની અને જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપમાં લાગેલા અતિચારોનું ચિંતન કરવા માટે કાઉસ્સગ્ગ કરવાની આજ્ઞા લેવામાં આવે છે.**

૫. પરપાખંડીની પ્રશંસા કેમ ન કરવી?

**જ. પરપાખંડીના ધર્મમાં આડંબર, પૂજા કે ચમત્કારમાં છકાય જીવોની હિંસા થાય છે. જ્યાં હિંસા હોય ત્યાં ધર્મ હોઈ શકે નહિ. જીવહિંસા દ્વારા જીવને દુર્ગતિ અને અશાતા જ મળે છે.**

**૬. કાઉસ્સગ્ગ કયો શબ્દ બોલીને પારવામાં આવે છે? કાઉસ્સગ્ગનું ફળ શું છે?**

**જ. કાઉસ્સગ્ગ નમો અરિહંતાણં શબ્દ બોલીને પારવામાં આવે છે. કાઉસ્સગ્ગનું ફળ – ૧) આત્મા પાપકર્મના બોજથી હળવો થાય છે. ૨) શુભ ધ્યાનવાળો થાય છે. ૩) સુખ સમાધિમાં રહે છે.**

| **૭. નીચેનામાં કયા અતિચાર લાગે?** | **જવાબ** |
|---|---|
| ૧) અખા ત્રીજના દિવસે મર્યાદા ઉપરાંત સોનું ખરીદ્યું હોય. | **હિરણ્ણ–સુવણ્ણપ્પમાણાઈક્કમે** |
| ૨) નાગપંચમીના દિવસે નાગની કાંચળીનો વેપાર કર્યો હોય. | **કેસ વાણિજ્જે** |
| ૩) વિનયે વગર ટિકિટે લોકલ ટ્રેનમાં મુસાફરી કરી હોય. | **વિરુદ્ધ રજ્જાઈક્કમે** |
| ૪) મરીને ચક્રવર્તી બનવાની ઈચ્છા કરી હોય. | **ઈહલોગા સંસપ્પઓગે** |

**(30)**

**પ્ર.૨ (અ) તત્ત્વ વિભાગના આધારે ૩૫ બોલના આધારે જવાબ લખો. (૨૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૨૦)**

૧. શ્રાવકના ૨૧ ગુણમાંથી ૧૫ થી ૨૦ લખો.

**જ. ૧૫) ન્યાયપક્ષી ૧૬) શુદ્ધ વિચારક ૧૭) મર્યાદાયુક્ત વ્યવહાર કરનાર ૧૮) વિનયશીલ ૧૯) કૃતજ્ઞ ૨૦) પરોપકારી.**

૨. અસ્તિકાય, યોગ, નય અને ભાવના એટલે શું?

**જ. અસ્તિકાય એટલે પ્રદેશોનો સમૂહ.**
**યોગ એટલે મન, વચન, કાયાની પ્રવૃત્તિ, વ્યાપાર.**
**નય એટલે પ્રત્યેક પદાર્થના અનેક ધર્મ છે, તેના અંશ જ્ઞાનને નય કહે છે.**
**ભાવના એટલે જેમાં આત્માના પ્રશસ્ત ભાવો પ્રગટ થાય.**

૩. જ્ઞાન એટલે શું? તેમાં શેનો સમાવેશ થાય છે? ચક્ષુરિન્દ્રિયના વિષય લખો.

**જ. જ્ઞાન એટલે જેનાથી વસ્તુને વિશેષરૂપે જાણવી. તેમાં પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાનનો સમાવેશ થાય છે. ચક્ષુરિન્દ્રિયના વિષય પાંચ છે – કાળો, નીલો, લાલ, પીળો, સફેદ.**

૪. અઘાતી કર્મના નામ લખો. ગુણસ્થાન એટલે શું?

**જ. અઘાતી કર્મના નામ – વેદનીય, આયુષ્ય, નામ, ગોત્ર. ગુણસ્થાન એટલે મોહ અને યોગના કારણે આત્માની જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ગુણોની તારતમ્યતાવાળી અવસ્થાને ગુણસ્થાન કહે છે.**

૫. નિક્ષેપાના નામ લખો. પહેલી ત્રણ પર્યાપ્તિના નામ લખો. યોગને લગતા પ્રાણના નામ લખો.

**જ. નિક્ષેપાના નામ – નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ. પહેલી ત્રણ પર્યાપ્તિના નામ – આહાર, શરીર, ઈન્દ્રિય. યોગને લગતા પ્રાણ – મન બલપ્રાણ, વચન બલપ્રાણ, કાય બલપ્રાણ.**

૬. રસ કેટલા છે? જીવના બોલ લખો.

**જ. રસ નવ છે. જીવના પાંચ બોલ – દ્રવ્યથી અનંત, ક્ષેત્રથી આખા લોક પ્રમાણે, કાળથી અનાદિ અનંત, ભાવથી અરૂપી, ગુણથી ચૈતન્ય ગુણ.**

૭. માત્ર સંખ્યા લખો – દંડક – **૨૪**, ચારિત્ર – **૫**, પુણ્ય – **૯**, સમવાય – **૫.**

૮. ત્રીજે, તેરમે, ત્રેવીસમે અને તેત્રીસમે બોલે શું? બોલનું માત્ર નામ લખો.

**જ. ત્રીજે – કાય ૬, તેરમે – મિથ્યાત્વ ૨૫, ત્રેવીસમે – સાધુના ૫ મહાવ્રત, તેત્રીસમે – સમવાય ૫.**

૯. સાતમો બોલ કયો છે? તે વિસ્તારથી લખો. વર્તમાને કયા ચારિત્ર હોય?

**જ. સાતમે બોલે શરીર પાંચ – ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણ. શીર્યતે એટલે ઈતિ શરીર. જે શીર્ણ વિશીર્ણ નાશ થવાના સ્વભાવવાળું છે, તેને શરીર કહે છે. વર્તમાને સામાયિક અને છેદોપસ્થાપનીય એ બે ચારિત્ર હોય.**

૧૦. દષ્ટિ એટલે શું? તે કેટલી છે? અનુયોગના નામ લખો.

**જ. દષ્ટિ એટલે તત્ત્વ વિચારણાની પદ્ધતિ. તે ત્રણ છે. સમકિત દષ્ટિ, મિથ્યાત્વ દષ્ટિ, મિશ્ર દષ્ટિ. અનુયોગના નામ – દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણ–કરણાનુયોગ, ધર્મકથાનુયોગ.**

**(આ) સંસ્કાર વિભાગના આધારે લખો. (૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૬)**

૧. ફટાકડા ફોડવાથી પૃથ્વીકાય, વનસ્પતિકાય, તેઉકાય અને વાયુકાયની હિંસા કેવી રીતે થાય?

**જ. સળગતા ફટાકડા માટી પર પડતા પૃથ્વીકાયની, ઝાડ કે ઘાસ પર પડવાથી વનસ્પતિકાયની, બળવાથી અગ્નિકાયની, હવાને અગ્નિ લાગવાથી વાયુકાયની હિંસા થાય છે.**

૨. હીરો–હીરોઈનની નકલ કરવાથી શું થાય છે?

**જ. હીરો–હીરોઈનની નકલ કરવાથી પૈસા તેમ જ સભ્યતાનો નાશ થાય છે, વિચારો બગડે છે, દિવસ–રાત ખરાબ વિચાર આવે છે, તેથી નજીવા કારણમાં પણ ઝઘડા, કંકાસ અને દુશ્મનાવટ ઊભી થાય છે.**

૩. અરિહંત અને સિદ્ધ પરમાત્માના મુખ પર શું જોવા મળે છે? ક્રોધનો નાશ કેવી રીતે થાય છે?

**જ. અરિહંત અને સિદ્ધ પરમાત્મા હંમેશા સમતાભાવમાં રહે છે. તેઓએ રાગ–દ્વેષ અને કષાયોને સંપૂર્ણ રીતે જીતી લીધા છે, તેથી તેમના મુખ પર શાંતિ, આનંદ અને પ્રસન્નતા જોવા મળે છે. ક્ષમા રાખી ક્રોધનો નાશ થાય છે.**

| **(૨) ખાલી જગ્યા પૂરો.** | **જવાબ** | **(૪)** |
|---|---|---|
| ૧. વસ્તુના ...... ને ...... કહે છે. | **સ્વભાવ, ધર્મ** | |
| ૨. હું ...... છું, મારામાં અનંતુ ...... રહેલું છે. | **આત્મા, સુખ** | |
| ૩. માન એટલે ...... . ...... ને ક્ષમા આપવી જોઈએ. | **અભિમાન, નિમિત્તો** | |
| ૪. અન્ય ધર્મો ફક્ત ...... અને ...... ને માને છે. | **નરક, સ્વર્ગ** | |

(૧૦)

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

**(અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. મેઘરથ રાજા ક્યાં રહેતા હતા? તેમના માતા–પિતા કોણ હતા? તેમના લગ્ન કોની સાથે થયા?

**જ. મેઘરથ રાજા જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવતી નામની વિજયમાં પુંડરિકિણી નગરીમાં રહેતા હતા. તેમના માતાનું નામ પ્રિયમતી અને પિતાનું નામ ધનરથ રાજા હતા. તેમના લગ્ન સુમંદિરપુર નગરના રાજા નિહતશત્રુની દીકરીઓ પ્રિયમિત્રા અને મનોરમા સાથે થયા.**

૨. રાજા શ્રેણિકના પૂછવા પર રોહિણેય ચોરે પોતાની શું ઓળખાણ આપી?

**જ. રાજા શ્રેણિકના પૂછવા પર રોહિણેય ચોરે કહ્યું કે, મારું નામ દૂર્ગચંડ છે. હું શાલિગ્રામ નગરમાં રહું છું. હું જાતે કણબી છું. ખાસ કામ માટે અહીં આવ્યો છું. મને આવતા મોડું થયું એટલે કોટવાળે મને પકડ્યો.**

૩. શાલિભદ્રના માતા–પિતા–નગરનું નામ શું હતું? તેમનું નામ શાલિભદ્ર કેમ રાખ્યું?

**જ. શાલિભદ્રના માતાનું નામ ભદ્રા, પિતાનું નામ ગોભદ્ર, નગરીનું નામ રાજગૃહ હતું. માતાએ સ્વપ્નમાં પાકે શાલિનું ક્ષેત્ર જોયું તેમ જ માતાને દાન કરવાની ઈચ્છા પણ ઉત્પન્ન થઈ. તેથી તેમનું નામ શાલિભદ્ર રાખ્યું.**

૪. ધર્મઘોષ મુનિએ ધર્મરુચિ અણગારને શું કહ્યુ? ધર્મરુચિ અણગાર ક્યાં ગયા?

**જ. જો તમે આ શાક ખાશો તો જરૂરથી મૃત્યુ પામશો. માટે હે મુનિરાજ ! તમે આ શાકને અચેત ભૂમિ પર જતના પૂર્વક પરઠી દો અને બીજો નિર્દોષ આહાર લાવીને વાપરો. ધર્મરુચિ અણગાર સર્વાર્થસિદ્ધ વિમાનમાં ગયા.**

**(આ) કોણ બોલે છે અને કોને કહે છે?** ૧. મારા માથે નાથ છે? – **શાલિભદ્ર મનમાં વિચારે છે.**
૨. આપની પાસે દીક્ષા લઈશ – **રોહિણેય ચોર ભગવાનને કહે છે.**

(૧૦)

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. હું કામધેનુ **કલ્પતરુ ચિંતામણિના પ્યારમાં, ખોટા છતા ઝંખ્યો ઘણું બની લુબ્ધ આ સંસારમાં,**
**જે પ્રગટ સુખ દેનાર તારો ધર્મ પણ સેવ્યો નહિ, મુજ મૂર્ખ ભાવોને નિહાળી નાથ કર કરુણા** કંઈ.

૨. આવેલ **દષ્ટિ માર્ગમાં મૂકી મહાવીર ! આપને, મેં મૂઢધીએ હૃદયમાં ધ્યાયા મદનના ચાપને,**
**નેત્ર બાણો ને પયોધર નાભિ ને સુંદર કટિ, શણગાર સુંદરીઓ તણાં છટકેલ થઈ જોયા** અતિ.

૩. મેં ચિત્તથી **નહિ દેવની કે પાત્રની પૂજા ચહી, ને શ્રાવકો કે સાધુઓનો ધર્મ પણ પાળ્યો નહિ,**
**પામ્યો પ્રભુ નરભવ છતા રણમાં રળ્યા જેવું થયું, ધોબી તણા કૂત્તા સમું મમ જીવન સહુ એળે** ગયું.

૪. કેવળી **દોય ક્રોડી, ઉત્કૃષ્ટા નવ ક્રોડ, મુનિ દોય સહસ્ત્ર ક્રોડી, ઉત્કૃષ્ટા નવ સહસ્ત્ર ક્રોડ**
**વિચરે વિદેહે, મોટા તપસ્વી ઘોર, ભાવે કરી વંદું, ટાળે ભવની** ખોડ.

૫. મુનિવર **હરિકેશી, ચિત્ત મુનીશ્વર સાર, શુદ્ધ સંયમ પાળી, પામ્યા ભવનો પાર,**
**વળી ઈષુકાર રાજા, ઘેર કમળાવતી નાર, ભૃગુ ને યશા, તેમના દોય** કુમાર.

**જય – જિનેન્દ્ર**